જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૪/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૩૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૭ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ મોટર સાયકલ, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭૦૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૩૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૩૨/૧૭**

**ક્રાઈમ બ્રાન્ચઃ** ગીતાબહેન ડો/ઓ પેથાભાઈ રાઠોડ (ઉ.વ.૩૭) (રહે.પારૂલ ટેનામેન્ટ,જશોદાનગર ચોકડી) એ તા.૭/૪/૧૭ નારોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૪/૧૭ નારોજ મોબાઈલ નંબર ૭૨૬૦૯૬૪૪૯૪ ના ધારકે ગીતાબેનના મોબાઈલ ફોન ઉપર ફોન કરી બેંકમાંથી બોલુ છુ અને પ્રધાન મંત્રી યોજના હેઠળ તમામના એ.ટી.એમ.રીન્યુ કરવાના છે તેમ કહી ગીતાબહેનના એ.ટી.એમ.ઉપરનો નંબર જાણી લઈ ટ્રાન્જેકશન કરી તેનો ઓ.ટી.પી. નંબર ગીતાબહેનના મોબાઈલમાં આવેલ તે આપતા ગીતાબહેનના ખાતામાંથી રૂપિયા ૮૯,૦૦૦/- ઉપાડી લઈ છેતરપીંડી વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૩૩/૧૭**

**સરખેજઃ** વસંતકુમાર હરગોવનદાસ પટેલ (રહે. વંદેમાતરમ હોમ ચેઈનપુર નવા રાણીપ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૪/૧૭ સાંજના ૭/૩૦ થી તા.૭/૪/૧૭ કલાક ૯/૧૫ વાગ્યા દરમ્યાન મકરબા કટારીયા આર્કેડની બાજુમા સીધ્ધી વિનાયક ટાવર એ-૫૧૯ ખાતે આરોપી દીપક નાથુરામ વીસ્વકર્મા રહે-ઝાસી ઉતર પ્રદેશ અને અન્ય બે વ્યક્તિ ઓફીસની પેંટ્રી રૂમની બારીમાંથી પ્રવેશ કરી ઓફીસના કેબલ, કોપર, બસબાર(પ્લેટ)ટુલ્સ, કીટલી, કપ-રકાબી વિગેરે મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ મસઇશ્રી ઉપેન્દ્રસિંહ ફતેસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## પર્સ ઝુટવી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૭૩૪/૧૭

**સરખેજઃ** દીપ્તીબહેન વા/ઓ દીપકભાઈ ઝાલા (ઉ.વ.૩૭) (રહે. રાજીયા એવન્યુ કુષા ફ્લેટની બાજુમા આનંદનગર ચાર રસ્તા) તા.૭/૪/૧૭ કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે મહમદપુરા રોડ કાકાના ઢાબાની સામે આવેલ મારૂતીનંદન નર્સરી આગળથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ દીપ્તીબહેનનુ પર્સ ઝુટવી લઈ નાસી ગયો હતો. જે પર્સમાં મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ દીપ્તીબહેન ઝાલાએ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ગજેન્દ્રસિંહ ભાવુભા ચલાવે છે.

## બીજા માળેથી પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૭૩૫/૧૭

**બાપુનગરઃ** ગનાભાઇ ચુનીયાભાઇ ડામોર (ઉ.વ.૩૫) બાપુનગર અજીતમીલ ચાર રસ્તા ખાતે નવી બનતી સાઈટ સુમેલ-૮ ખાતે રહેતા હતા અને ત્યા જ સાઈટ ઉપર કડીયાકામ કરતા હતા દરમાયન તા.૭/૪/૧૭ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે કામ કરતા હતા ત્યારે બીજા માળેથી નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે શારદાબેન હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોવિંદભાઇ જીવાજી ચલાવે છે.

## દાઝી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૭૩૬/૧૭

**શહેરકોટડાઃ** જંસુરસીંગ પહાડસિંગ રાજપુત (ઉ.વ.૩૪) (રહે.બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે અરવિંદ મીલની ચાલી પાસે નરોડા) ના પત્ની મોનીબહેન તા.૩/૪/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર પર જાતે કેરોસીન છાંટી સળગી ગયા હતા દરમ્યાન જંસુરસીંગ બચાવવા જતા દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૭/૪/૧૭ નારોજ જંસુરસીંગ રાજપુતનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હમીરભાઇ અળસીભાઇ ચલાવે છે. (તા.૩/૪/૧૭ ફરજ પરના ડૉશ્રીએ મોનીબહેનને મૃત જાહેર કર્યા હતા.)

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૭૩૭/૧૭

**વટવાઃ** અનિલભાઈ નાનુભાઈ કામલે (ઉ.વ.૩૦) (રહે. સદભાવનાનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૭/૪/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક સાથે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ફત્તેસિંહ બુધેસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નિકોલઃ** અનિલકુમાર શ્રીનાથ કોરી (ઉ.વ.૨૫) (રહે.અશ્વમેઘ સોસાયટી મનમોહન ચાર રસ્તા રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૬/૪/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રવિણભાઈ સાંજાજી ચલાવે છે.

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** શામાજીભાઇ રેવાભાઇ પરમાર (ઉ.વ.૪૦) (રહે.ચામુડાંની ચાલી ન્યુ દબાણ ગોડાઉન સામે પીરાણા રોડ  નારોલ) એ અગમ્ય કારણસર તા.૭/૪/૧૭ સાંજના ૭/૨૦ વાગ્યા પહેલા સાબરમતી ઘાટ નંબર-૮ નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)